# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 11-05-2024 EVENING : 7.50 to 8.00
Day : SATURDAY National News

### આકાશવાણી સમાચાર નિશા શ્રીમાળી વાંચે છે.

*************************************************

- ✓ લોકસભા ચૂંટણીના ચોથા તબક્કામાં નવ રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશની 96 લોકસભા બેઠક પર પ્રચારના પડઘમ આજે સાંજે શાંત થઈ ગયા
- ✓ ચોથા તબક્કાના ચૂંટણી પ્રચારમાં વિવિધ રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકોએ મતદારોને રીઝવવા અનેક જાહેરસભાઓ સંબોધી
- ✓ ઓડિશામાં ચૂંટણી સભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, કૉંગ્રેસ દેશનું સંવિધાન બદલવા માગે છે પણ અમે આવું નહીં થવા દઈએ
- ✓ કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ ચૂંટણીના તમામ તબક્કા બાદ કુલ મતદાનને જાહેર કરવા સંબંધે ચૂંટણી પંચની કાર્યશૈલી પર વાંધો ઊઠાવ્યો
- ✓ આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા અરવિંદ કેજરીવાલે ભારતીય જનતા પાર્ટી પર ‘એક દેશ એક નેતા’ના વિચારને પ્રોત્સાહિત કરવાનો આક્ષેપ લગાવ્યો છે.
- ✓ લોકસભાની સામાન્ય ચૂંટણીના ત્રીજા તબક્કા માટે કુલ 65.68 ટકા મતદાન નોંધાયું છે..
- ✓

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# CAMPAIGNING FOR FOURTH PHASE

લોકસભા ચૂંટણીના ચોથા તબક્કાની સાથેસાથે આંધ્રપ્રદેશ અને ઓડિશાની વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા માટે આજે સાંજે પ્રચારના પડઘમ શાંત થઈ ગયા છે.

લોકસભા ચૂંટણીના ચોથા તબક્કામાં સોમવારે નવ રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં સમાવિષ્ટ 96 લોકસભા બેઠક પરમતદાન થશે. જ્યારે ઉત્તરપ્રદેશની 13 બેઠકો, મહારાષ્ટ્રની 11 બેઠકો, મધ્યપ્રદેશ અને પશ્ચિમ બંગાળની 8-8 બેઠકો, બિહારમાં 5 બેઠકો, ઝારખંડ અને ઓડિશાની ચાર-ચાર બેઠકો અને જમ્મુ-કાશ્મીરની એક બેઠક પર મતદાન થશે. 25 સંસદીય બેઠકો સાથે આંધ્રપ્રદેશ અને 17 બેઠકો સાથે તેલંગાણામાં આ તબક્કામાં એક જ તબક્કામાં મતદાન પૂર્ણ થશે.

ઉપરાંત આંધ્રપ્રદેશની તમામ 175 બેઠક અને ઓડિશાની 147માંથી 28 બેઠક માટે વિધાનસભાની ચૂંટણી પણ સોમવારે યોજાશે, જેને લઈ અનેક રાજકીય પક્ષોના દિગ્ગજ નેતાઓએ મતદારોને રિઝવવા સતત રેલીઓ યોજી હતી..

# PM MODI CAMPAIGN

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, કોંગ્રેસ દેશનું સંવિધાન બદલવા માગે છે. તેમણે ઉમેર્યું કે, જો કોંગ્રેસ સત્તામાં આવશે તો અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય નબળા વર્ગે આપવામાં આવેલું અનામતને હટાવી તે પોતાની વૉટબેન્કના લોકોને આપશે. ઓડિશાના બરગઢમાં આજે બપોર બાદ એક સભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, તેઓ કોંગ્રેસને આવું કરવા નહીં દે. શ્રી મોદીએ ઓડિશાના મુખ્યમંત્રી અને બીજુ જનતા દળના પ્રમુખ નવીન પટનાયક પર પણ પ્રહાર કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ઓડિશામાં લોકસભા અને વિધાનસભા ચૂંટણી એક સાથે ચાર તબક્કામાં યોજાશે. ઉપરાંત શ્રી મોદીએ ચતરા લોકસભા મતવિસ્તારના સિમરિયામાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરતા કહ્યું કે, આ રાષ્ટ્રના નિર્માણની ચૂંટણી છે. તેમણે કહ્યું કે, આ ચૂંટણી બાળકોના ભવિષ્યને નક્કી કરવાની ચૂંટણી છે. કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનો ઉલ્લેખ કરતાતેમણે કહ્યું કે તેમની સરકાર આર્થિક રીતે નબળા પરિવારોની પીડાને ધ્યાનમાં રાખીને યોજનાઓ બનાવી રહી છે.

# PRIYANKA GANDHI ONNDA

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનાં મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું કે, તેમની પાર્ટીની સરકારોએ દેશમાં જનજાતીય સમુદાયોની રક્ષા માટે SC-ST સબ-પ્લાન,SC-ST પ્રિવેન્શન ઑફ એટ્રોસિટી એક્ટ પેસા અધિનિયમ, પંચાયતી રાજ અધિનિયમ, વન અધિકાર અધિનિયમ અને મનરેગાને અમલમાં મુકી છે.

આજે ઉત્તર મહારાષ્ટ્રના જનજાતિ વસ્તી ધરાવતા નંદુરબાર જિલ્લામાં એક રેલીમાં તેમણે મણિપુર હિંસા અંગે NDA સરકારના વલણની પણ ટીકા કરી હતી. સુશ્રી પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું કે, નરેન્દ્ર મોદી સરકાર હાથરસ જેવી શરમજનક ઘટનાઓ અને પદક વિજેતા મહિલા પહેલવાનોની માગણીઓ પર મૌન છે.

# KHARGE ECI

ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ ચૂંટણીના તમામ તબક્કા બાદ કુલ મતદાનને જાહેર કરવા સંબંધે ચૂંટણી પંચની કાર્યશૈલી પર વાંધો ઊઠાવ્યો છે.

ચૂંટણી પંચને લખેલા એક પત્રમાં શ્રી ખડગેએ ચૂંટણી પંચને મતની સંપૂર્ણ સંખ્યાને જાહેર કરવાનું સૂચન આપ્યું છે. તેમણે કહ્યું કે, ચૂંટણી પ્રત્યે ઊંડાણપૂર્વક રસ ધરાવતા મતદાતાઓ પણ મતની સંખ્યા જાણવા માગશે. શ્રી ખડગેએ સત્તાધારી પાર્ટીના નેતાઓ દ્વારા કરવામાં આવતા વિવાદાસ્પદ નિવેદન વિરૂદ્ધ પંચ દ્વારા તાત્કાલિક પગલાં ન લેવા અંગેપણ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.

# ARVIND KEJRIWAL

આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા અરવિંદ કેજરીવાલે ભારતીય જનતા પાર્ટી પર ‘એક દેશ એક નેતા’ના વિચારને પ્રોત્સાહિત કરવાનો આક્ષેપ લગાવ્યો છે. શ્રી કેજરીવાલે કહ્યું કે, ભારતીય જનતા પાર્ટી આમ આદમી પાર્ટીને ખતમ કરવા માગે છે, પરંતુ આમ આદમી પાર્ટી ફક્ત એક પાર્ટી જ નહીં, પણ એક વિચાર છે.

શ્રી કેજરીવાલે કહ્યું કે, ઈન્ડી ગઠબંધન વર્ષ 2024માં કેન્દ્રમાં સરકાર બનાવવા જઈ રહી છે અને આમ આદમી પાર્ટી આ જ સરકારનો એક ભાગ હશે. તેમણે ભાજપ પર વિપક્ષી નેતાઓને જેલમાં મોકલવાનો પણ આક્ષેપ લગાવ્યો હતો.

તો આ તરફ ભાજપના નેતા સુધાંશુ ત્રિવેદીએ કહ્યું કે, હવે અરવિંદ કેજરીવાલ પણ લાલુ પ્રસાદ યાદવ, જયલલિતા અને શિબુ સોરેનની જેમ જેલ રિટર્ન ક્લબના સભ્ય બની ગયા છે.

# DELHI BJP

દિલ્હી ભાજપના પ્રદેશ અધ્યક્ષ વિરેન્દ્ર સચદેવાએ આજે આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ દ્વારા કરવામાં આવેલા આક્ષેપોને વખોડી કાઢ્યા હતા. શ્રી સચદેવાએ આક્ષેપ કર્યો કે, કેજરીવાલના કાર્યકાળમાં અનેક ભ્રષ્ટાચાર થયા છે.

વિરેન્દ્ર સચદેવાએ કહ્યું કે, ભ્રષ્ટાચાર જ કેજરીવાલના વિચાર છે, પરંતુ ભાજપનો દરેક કાર્યકર્તા ભ્રષ્ટાચાર વિરૂદ્ધ લડે છે. તેમણે કહ્યું કે, આજે કેજરીવાલને પોતાનું અને તેમના પક્ષ માટે વિચારવાની જરૂર છે. કારણ કે, તેમના પક્ષના કેટલાક નેતાઓ ભ્રષ્ટાચારના આરોપ હેઠળ જેલમાં કેદ છે, જેમાંથી 2 નેતા તો પેરોલ પર બહાર છે. શ્રી સચદેવાએ કહ્યું કે, કોને મત આપવો દિલ્હીની પ્રજાએ નક્કી કરવાનું છે.

# THIRD PHASE VOTER TURNOUT

લોકસભાની સામાન્ય ચૂંટણીના ત્રીજા તબક્કા માટે કુલ 65.68 ટકા મતદાન નોંધાયું છે. આમાંથી 66.89 ટકા પુરૂષ મતદારો 64.41 ટકા મહિલા મતદારો અને 25.2 ટકા અન્ય મતદારોએ મતદાન કર્યું છે.

ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, આસામમાં સૌથી વધુ 85.34 ટકા મતદાન મહિલા મતદારોએ કર્યું હતું. જ્યારે પશ્ચિમ બંગાળમાં 83.01 ટકા મહિલા મતદારોએ મતદાન કર્યું હતું. જ્યારે ગુજરાતમાં 56.56 ટકા મહિલા મતદારોએ મતદાન કર્યું હતું. તો સૌથી ઓછી 56.01 ટકા મહિલા મતદારોએ ઉત્તરપ્રદેશમાં મતદાન કર્યું હતું. જ્યારે ગોવા રાજ્યમાં સૌથી વધુ 75 ટકા મતદાન અન્ય જાતિના મતદારોએ કર્યું હતું.

આ તબક્કામાં 10 રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશની 93 લોકસભા બેઠક માટે મતદાન થયું હતું, જેમાં ગુજરાતની 25, કર્ણાટકની 14, મહારાષ્ટ્રમાં 11, ઉત્તરપ્રદેશની 10, મધ્યપ્રદેશની નવ, છત્તીસગઢની સાત, બિહારની પાંચ, આસામ અનેપશ્ચિમ બંગાળની ચાર-ચાર બેઠક માટે મતદાન થયું હતું.

ત્રીજા તબક્કા બાદ 20 રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશની મળી લોકસભાની કુલ 283 લોકસભા બેઠક પર મતદાન પૂર્ણ થયું છે. આ તબક્કા દરમિયાન એક હજાર 331 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં હતા..

# SINGAPORE PM IIT

સિંગાપોરના પ્રધાનમંત્રી લી સિએન લૂંગે દેશની પ્રગતિમાં વિદેશી પ્રતિભાઓના યોગદાનના વખાણ કર્યા છે. સિંગાપોરના એક સમાચાર માધ્યમ સાથે સંવાદ દરમિયાન તેમણે કહ્યું કે, ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન IIT અને ભારતીય પ્રબંધ સંસ્થાન IIM ના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં સિંગાપોરમાં કામ કરી રહ્યા છે.

શ્રી લૂંગે ઉંમેર્યું કે, સિંગાપોર અહીં વિદેશી પ્રતિભાઓની સેવાલેવાનું યથાવત્ રાખશે. સિંગાપોરના પ્રધાનમંત્રી તરીકે શ્રી લૂંગનો કાર્યકાળ આ મહિનાની 15મી તારીખે પૂર્ણ થઈ રહ્યો છે.

# DELHI UNIVERSITY

દિલ્હી ઉચ્ચ ન્યાયાલયે રાજ્ય સરકારને દિલ્હી વિશ્વ વિદ્યાલયની 12 મહા વિદ્યાલયના કર્મચારીઓના વેતનની રકમ એક અઠવાડિયામાં ચૂકવવા માટે નિર્દેશ કર્યો છે. આ મહાવિદ્યાલય સંપૂર્ણપણે રાજ્ય સરકાર દ્વારા ધિરાણ પૂરું પાડવામાં આવે છે. ન્યાયાલયે કહ્યું કે, જો આ આદેશનું પાલન નહીં થાય તો અવગણનાની નોટિસ પણ આપવામાં આવશે.

દિલ્હી સરકારે ન્યાયાલયના ગયા મહિનાના આદેશનો અમલ ન કરતાં તેને જોતાં ન્યાયાલયે આ નિર્દેશ કર્યો છે. મહાવિદ્યાલયના કર્મચારીઓએ વર્ષ 2020માં પગારની છૂટ માટે અરજી કરી હતી.

# S JAISHANKAR EUROPE

વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકરે કહ્યું કે, ભારત-યુરોપીય સંઘ મુક્ત વેપાર કરાર સંવાદ અને વેપાર તથાં ટેકનોલૉજી પરિષદમાં ભાગીદારી ક્ષેત્રે અનેક સંભાવનાઓ છે. તેમણે કહ્યું કે, બંને દેશ વચ્ચે આર્થિક મુદ્દાઓ પર સંવાદ હવે નવી ઊંચાઈને સ્પર્શી રહી છે. શ્રી જયશંકર રાજધાની દિલ્હીમાં યુરોપીય સંઘના રાષ્ટ્રીય દિવસના સમારોહને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે ગયા વર્ષ સ્થપાયેલા ભારત-મધ્ય પૂર્વ-યુરોપ કોરિડોર પ્રત્યે પણ ભારતની પ્રતિબદ્ધતા અંગે વાત કરી હતી.

શ્રી જયશંકરે કહ્યું કે, ભારત આની પ્રગતિમાં યોગદાન માટે ઉત્સુક છે. શ્રી જયશંકરે ભારતમાં યુરોપીય સંઘના રાજદૂત હાર્વે ડેલ્ફીન દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં કહ્યુંકે, યુરોપીય સંઘ ભારતનું સૌથી મોટું ભાગીદાર છે. આ સાથે જ અનેક ક્ષેત્રમાં ભારતના ગાઢ સંબંધ છે. આ પ્રસંગે શ્રી હાર્વેએ કહ્યું કે, ભારતે યુરોપીય સંઘને ઘણું મહત્વ આપ્યું છે. આ સાથે જ ભાગીદારી હજી આગળ વધશે.

# BRAZIL RAIN

બ્રાઝિલમાં ગઈકાલે થયેલા ધોધમાર વરસાદના કારણે ભારે પૂર આવ્યું હતું, જેના કારણે 120 લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. અધિકારીઓએ કહ્યું કે, 756 ઈજાગ્રસ્તોને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે 141 લોકો ગુમ થયાના છે. જ્યારે પૂરના કારણે 85 હજારથી વધુ ઘરને નુકસાન થયું છે. તેમ જ 71 હજારથી વધુ લોકો અસ્થાયી રીતે વિદ્યાલયો, રમતગમત સંકુલ અને ચર્ચમાં આશ્રય લઈ રહ્યા છે. અહીં તપાસ અને બચાવ અભિયાન હજી પણ યથાવત્ છે..